# Telephone conversation between Prime Minister and H.E. Filipe Jacinto Nyusi, President of Mozambique

June 03, 2020

# વડાપ્રધાન અને મોઝામ્બિકનાં રાષ્ટ્રપતિ મહામહિમ ફિલિપ જેસિન્ટો ન્યુસિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

જૂન 03, 2020

આજે વડાપ્રધાને મોઝામ્બિકનાં રાષ્ટ્રપતિ મહામહિમ ફિલિપ જેસિન્ટો ન્યુસિ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારીએ બન્ને દેશોમાં ઉભા કરેલા પડકારો અંગે ચર્ચા કરી હતી. વડાપ્રધાને મહત્વની દવાઓ અને સાધનસામગ્રીઓની જોગવાઈઓ સહિત આ આરોગ્યની કટોકટી દરમિયાન મોજામ્બિકનાં પ્રયાસોમાં સહકાર આપવાની ભારતની તત્પરતા વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપરતિ ન્યુસિએ આરોગ્ય સંભાળ અને ફાર્માસ્યુટિકલ્સ પૂરવઠાઓનાં ક્ષેત્રમાં બન્ને દેશો વચ્ચે નજીકનાં સહકાર બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓએ મોઝામ્બિકમાં ભારતીય રોકાણો અને વિકાસ પરિયોજનાઓ સહિતનાં અન્ય અગત્યનાં મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને મોઝામ્બિકને આફ્રિકામાં ભારતની એકંદર ભાગીદારીનાં એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઓળખ કરી હતી, અને મોઝામ્બિકનાં કોલસા અને કુદરતી વાયુ ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવેલી મોટી પ્રતિબદ્ધતાઓની નોંધ લીધી હતી.

નેતાઓએ સંરક્ષણ અને સુરક્ષામાં વધી રહેલા દ્વિપક્ષીય સહકાર વિશે સંતોષ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને ઉત્તરીય મોઝામ્બિકમાં આતંકવાદની ઘટનાઓ વિશે રાષ્ટ્રપતિ ન્યુસિની ચિંતાઓનું આદાન-પ્રદાન કર્યું હતું, અને મોઝામ્બિકની પોલિસ અને સુરક્ષા બળોનાં ક્ષમતા નિર્માણ મારફત સહિત તમામ સંભવિત સહાયતા ઑફર કરી હતી.

વડાપ્રધાને મોઝામ્બિકમાં ભારતીય અને ભારતીય-મૂળનાં સમુદાયની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મોઝામમ્બિકની સત્તાધિકારીતાઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે ચાલું મહામારી દરમિયાન સહકાર અને સહાયતાની વધુ શૃંખલાઓ ખોજવા બન્ને દેશોનાં અધિકારીઓ સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**જૂન 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.